હરિ નજર - ખરી નજર

ભકત મને અઠવાડીયા માટે ઈકો ફ્રેન્ડલી બનાવ્યો તે બરાબર પરંતુ...આખું વર્ષ ઈકો ફ્રેન્ડલી બનીને કાઢો તો તમારી ભકિત સ્વીકારીશ...

ભાદરવી પૂનમના આગામી મેળા ટાણે 'ક્લીન અંબાજી - ગ્રીન અંબાજી' અભિયાન

અંબાજી ખાતે ૮૩૦ જેટલા સંઘોના બારસો ઉપરાંતના પ્રતિનિધિઓની પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં બેઠક મળી

આગામી ભાદરવી પૂનમના મેળાને અનુલક્ષીને શ્રી ભાદરવી પૂનમીયા સેવા સંઘ ટ્રસ્ટ, અંબાજી દ્વારા 'ક્લીન અંબાજી - ગ્રીન અંબાજી' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

તાજેતરમાં અગ્રવાલ ભુવન, અંબાજી ખાતે ટ્રસ્ટ દ્વારા ૮૩૦ જેટલા સંઘોના બારસો ઉપરાંતના પ્રતિનિધિઓ સાથે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ યોગેશ પટેલે સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ધજા માતાજીને અર્પણ કર્યા બાદ પોતાના ગામ લઈ જઈને નવરાત્રીમાં ગામમાં આવેલ માતાજીના મંદિર ઉપર પ્રસ્થાપિત કરશો તો આરાસુરી માના આશિષ થકી તમારા વતનના ગ્રામજનોની ઉન્નતિ થશે. મંડળના ભોગીભાઈ પટેલે જણાવ્યું હતું કે સંઘોને વાહન પરમીટ તેમના નિવાસસ્થાને જ ઉપલબ્ધ થઈ જશે.



બનાસકાંઠા પોલીસ વડા અશોક કુમારે જણાવ્યું હતું કે પોલીસ તમારી રક્ષા માટે જ છે. તમામ પદયાત્રીઓ રસ્તાની ડાબી તરફ ચાલવાનું રાખશે તો દુર્ઘટના રોકી શકાશે.

અંબાજી મંદિર વતી ગિરીશ પટેલે જણાવ્યું હતું કે ધજા ચઢાવવાનો દર માફ કરવાનું નક્કી થયેલ છે. સંઘોના યાત્રિકો માટે ક્રમબદ્ધ મંદિરમાં પ્રવેશ માટે અલગ વ્યવસ્થા તથા ઉતારા માટે પણ શેડ્સ ઉપલબ્ધ હશે તેમજ યાત્રિકો માટે ગત વર્ષની જેમ જ ભોજનની વ્યવસ્થા પણ થઈ રહી છે. સભાના અધ્યક્ષસ્થાનેથી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે આપ સૌ સાચા અર્થમાં મા અંબાના આશીર્વાદ લેવા માગતા હો તો આપના સંઘની યાદમાં યાત્રિક દીઠ વૃક્ષો વાવશો. તમારા તેમજ અન્ય સંઘોના યાત્રિકો દ્વારા નંખાતા કચરાના નિકાલ માટે એક ડ્રમમાં સુકોકચરો તેમજ અન્ય ડ્રમમાં લીલો કચરો ભરશો, રસ્તામાં કચરો નાંખશો નહીં અને તમારા સંઘનાં ભોજન, નાસ્તા તથા ચ્હા માટે પતરાળાં કે કાગળની પ્લેટ્સનો ઉપયોગ કરશો, પ્લાસ્ટીકસ કે થર્મોકોલનો ઉપયોગ ક્યારેય કરશો નહીં. આમ કરશો તો જરૂરથી મા અંબા નવરાત્રી દરમ્યાન તમારા વતનમાં આવશે.

બેઠકના અંતભાગમાં ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી નવનીતભાઈ પટેલે પદયાત્રીઓ અને સંઘો તરફથી સ્વચ્છતા બાબતે સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. અંતે, આભાર દર્શન રશ્મિભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં હિન્દી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન સેક્ટર-૨ ઉમાં ૧૪મી સપ્ટેમ્બરે હિન્દી દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી ભાષાના ગૌરવ, પ્રચાર અને પ્રસારના હેતુસર સમગ્ર દેશમાં આ દિન મનાવવામાં આવે છે.

એસ.એસ.પટેલ બી.એડ. કોલેજના તાલીમાર્થીઓએ આજના દિને હિન્દી ભાષામાં પોતાનો વ્યવહાર ચલાવ્યો હતો. પ્રાર્થના, સમાચાર, દોહા, એકપાત્રીય અભિનય વગેરે આ પ્રસંગે રજૂ કરવામાં આવ્યું હતું. હિન્દી દિવસની ઉજવણી માટે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાશાબેન જોષીએ હિન્દી દિન વિશે મહત્વની જાણકારી આપી હતી. કાર્યક્રમનું સંચાલન હેતલ પ્રજાપતિએ કર્યું હતું.

(તસવીર : દિપક જાની)

જોડીયા પતંગિયા - ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા કલાગુર્જરી દ્વારા મોસમ અને મલકા દ્વારા 'જોડીયા પતંગિયા'નો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ગીત - સંગીત, નૃત્ય - અભિનયનો અભિનવ પ્રયોગ ગાંધીનગર ટાઉન હૉલમાં યોજાયો હતો. ગોલ્ડન ચીયર્સના જગદીપ મહેતાની બંને જોડીયા દીકરીઓના કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું. પ્રેક્ષકોએ પણ મન ભરીને અભિનવ પ્રયોગને માણ્યો હતો. કલા ગુર્જરી દ્વારા યોજાતા નવતર સાંસ્કૃતિક કાર્યક્રમો નગરમાં નવો ચીલો ચાતરે છે.

ગાંધી મિત્ર વર્તુળ દ્વારા નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર આયોજીત ગાંધીજીવન દર્શનના સંદર્ભમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરે ઉત્તીર્ણ થનાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ત્રણ ત્રણ વિદ્યાર્થીઓને તથા બાર જેટલા પ્રોત્સાહક ઈનામો આપવાનો કાર્યક્રમ કડી કેમ્પસના બી.એડ. કોલેજના પ્રાર્થના હોલમાં યોજવામાં આવ્યો હતો.

સમારંભના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક પ્રતિષ્ઠિત સાહિત્યકાર અને સાચા ગાંધીજન ડૉ. દલપત પઢિયાર તથા મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત સનદી અધિકારી અને સમાજ ચિંતક એચ.બી. વરિયા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે કડી કેમ્પસના ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ ઉપસ્થિત હતા. સર્વધર્મ પ્રાર્થના તથા દિપ પ્રાગટ્ય કર્યા બાદ આવકાર અને સ્વાગત સંસ્થાના સંયોજક ભાનુપ્રસાદ પુરાણીએ કર્યું હતું.

માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે આર.જી. કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની પરમાર લીના બી., દ્વિતીય નંબરે જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ચૌધરી રીંકલ તથા તૃતીય નંબરે આર.જી. પટેલ કન્યા વિદ્યાલયની પટેલ ખ્યાતિ ઈનામ વિજેતા બન્યા હતા. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે ચૌધરી અપેક્ષા તથા દ્વિતીય નંબરે પંડ્યા લેખા બંન્ને જે.એમ. ચૌધરી વિદ્યાલયની બહેનો વિજેતા બની હતી. ડૉ. સોમાભાઈ પટેલે ગાંધીજીની હયાતિ ન હોવા છતાં ગાંધીનું કાર્ય ચાલે છે અને ચાલશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ડૉ. એચ.બી. વરિયાએ ગાંધીજીનાં જીવનમાં સાદગી, સત્ય, અહિંસા અને માનવ પ્રત્યે પ્રેમ રાખવા અનુરોધ કર્યો હતો.

સમારંભના ઉદ્‌ઘાટક અને અધ્યક્ષ ડૉ. દલપત પઢિયારે ગાંધીજીની સરળતા, માતૃભાષા પ્રેમ અને બાળકો પ્રત્યેના વ્યવહારને ઉદાહરણો સાથે રજુ કર્યા હતા. પૂ. રવિશંકર મહારાજ સાથેના તેઓના અંતરંગ અનુભવોને સાહજિકતા રીતે વર્ણવ્યા હતા. આભારવિધિ કે.બી. વ્યાસે કરી હતી. કાર્યક્રમનું સંચાલન ભરત કવિ (ઉર્મિલ) કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે રમણલાલ શ્રીમાળી અને સોમાભાઈ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ અને ગાંધીજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ગૂર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં વસતા સૌરાષ્ટ્ર ગૂર્જર સુતાર જ્ઞાતિ દ્વારા સેક્ટર-૮ના રંગમંચ ખાતે વિશ્વકર્મા દાદાની કથા તેમજ વિદ્યાર્થી સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર ગૂર્જર જ્ઞાતિ વિદ્યાર્થી સન્માન સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા નબળા વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. સમાજમાં જે યુવાનોએ પોતાની ઉજ્જવળ કારકિર્દી ઘડીને અન્યને પ્રેરણારૂપ બન્યા છે તેવા શીલાબેન છનિયારા, ડૉ. ધારાબેન વઘાડિયા, રિદ્ધિબેન ફ્રાંગધરીયા, કુ. સચી ફ્રાંગધરીયા, કેતન મેશવાણિયા, સંજય વડાગામા, દર્શન ચાંપાનેર, નૂપુર ફ્રાંગધરીયા, મિતેશ સુરેલીયા, રાજ છનિયારા, દીપક વઘાડિયાના વરદ હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજના અગ્રણી કનુભાઈ અને ઈલાબેને સમાજમાં શિક્ષણનું મહત્વ અને શિક્ષણ ક્ષેત્રે વિકાસ સાધવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કથાકાર જયંતિભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ફૂલહાર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તૃમીબેન અંબાસણાએ કર્યું હતું તથા રમણીકભાઈ સુરેલિયાએ આભાર વ્યકત કર્યો હતો.

કેફિયત કલા સાધકની

- આશા સરૈયા

આપણા બહુઆયામી કલાકાર સત્યનારાયણ શર્માજી

ગાંધીનગર એટલે વૃક્ષોની નગરી. અનેક પ્રકારના વૃક્ષોએ ફૂલીફાલીને ગાંધીનગરને હરિયાળી નગરીનું બિરૂદ અપાવ્યું છે. તો ગાંધીનગરમાં વસેલા વિવિધ ક્ષેત્રના વિવિધ ક્ષેત્રના અનેક કલાકારોએ ગાંધીનગરને સાંસ્કૃતિક નગરીનું બિરૂદ પણ અપાવ્યું છે, જેનો આપણને સહુ ગાંધીનગરવાસીઓને ગર્વ છે. આજે પણ એક અનોખા કલાકારનો પરિચય મેળવીએ.

રંગીલા રાજસ્થાનનું એક નાનકડુંગામ ખેતડી, જિ. જુનજુનુમાં ૧૯૫૦માં બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા શ્રી સત્યનારાયણ શર્મા. ગામમાં નોકરી-ધંધાની શક્યતા ન હોવાથી ૧૯૬૫માં અમદાવાદ આવી વસ્યા, જ્યાં શાળાભ્યાસ શરૂ થયો. અમદાવાદમાં નાટક, સિનેમા જેવી અનેક પ્રવૃત્તિઓ જોઈને અચરજમાં પડી ગયા અને કિશોર સત્યનારાયણને સ્વખ્નો પણ આવવા શરૂ થયા. તેને લાગ્યું કે મારા શમણાં અહીં જરૂર સાકાર થશે.

સૌ પ્રથમ જીવન સાથના હિન્દી હાઈસ્કૂલમાં નાટકોમાં કામ કરવાની માટે રામકુમારજીના આશીર્વાદથી અભિનય પણ શીખવા લાગ્યા. એ પછી રામકુમાર નિર્મિત 'ભગવાન શ્રીકૃષ્ણ'માં અભિનય આપીને ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે પાગરણ કર્યા. ત્યારપછી અનેક ગુજરાતી ફિલ્મમાં શર્માજીએ અભિનય આપ્યો છે. જેમાં પ્રીતને કાજે મેં જગથી બાંધ્યા વેર, દીકરીને ના દેશો પરદેશ, પ્રીત પરામે ન થાય, સૂરજ ઊગ્યો શમણાંને દેશ, પ્રીત પિયુ ને પરણેતર અને રાકેશ પાંડેની ફિલ્મ 'સરહદને પાર મારી રાધા'માં ઈન્સ્પેક્ટર પટ્ટણીનો રોલ પોતાની આગવી અદામાં ભજવીને 'નામ છે મારું પટણી અને ભલભલાને ચટાડું છું હું ચટણી...' ડાયલોગથી પ્રેક્ષકોને હસાવી હસાવીને ગાભા અને ડુચા કઢાવી નાખ્યા. આગામી ફિલ્મો બાપા સીતારામ અને રામદાસમાં શર્માજીના અગત્યના રોલ છે, જે ફિલ્મો ચૂકવા જેવી નથી. શર્માજીએ જાણીતા કલાકારો અરૂણા ઈરાની, ફિરોઝ ઈરાની, ઉપેન્દ્ર ત્રિવેદી, પદ્મારાણી, કિરણ કુમાર, અરવિંદ રાઠોડ, દર્શન જરીવાલા,

તક મળી. આચાર્યશ્રી આર એસ વર્મા (જેઓનું નાટ્યક્ષેત્રે મોટું નામ છે) લિખિત હિન્દી નાટક 'આહુતિ'માં પ્રથમ અભિયન આપીને ચાહના મેળવી. એ પછી વર્માજી લિખિત દારૂબંધીના પ્રચાર શોમાં મુખ્ય ભૂમિકામાં રાજયભરમાં યોજાયેલ ૨૦૦ જેટલા શોમાં ભાગ લીધો. ૧૯૭૦માં એસએસસી (જૂની) થયા બાદ નોકરી મળતાં મિલમાં જોડાયા. મિલમાં કામદાર મિત્ર મંડળના કાર્યક્રમોમાં પણ સત્યનારાયણભાઈ ભાગ લેતા. એ વખતે રજૂ કરેલ હિન્દી કૉમેડી નાટક 'નૌકર સે તૌબા તૌબા'માં નોકરની મુખ્ય ભૂમિકા સફળતાપૂર્વક ભજવીને વાહ-વાહ મેળવી. આ ભૂમિકાથી પ્રભાવિત થઈને સત્યનારાયણજીના એક મિત્ર તેમને લક્ષ્મી સ્ટુડિયો, વડોદરામાં ફિલ્મનું શૂટીંગ ચાલતું હતું ત્યાં લઈ ગયા. તેમના આશ્ચર્ય વચ્ચે ફિલ્મમાં એક રોલ પણ મળ્યો ! સત્યનારાયણજી સાનંદાશ્ચર્ય સાથે રોલ ભજવવા તૈયાર થયા પરંતુ કેમેરામેને તેમના ભારે શરીર અને સાનુકૂળ અવાજ ન હોવાને કારણે રીજેક્ટ કર્યા ! શર્માજી નિરાશ થયા હશે, કેમ ? ના, એ જ દિવસે તેમણે નિશ્ચય કર્યો કે હું પણ ફિલ્મ જગતમાં આર્ટીસ્ટ અથવા કેમેરામેન બનીને બતાવી આપીશ.

૧૯૭૦માં ગાંધીનગરમાં એક નાનો સ્ટુડિયો બનાવીને અહીંના રહેવાસી પણ બન્યા. સેક્ટર-૨૪માં થોડી ઈંટો ગોઠવી, તેની પર ચાદર પાથરી ટેબલ બનાવી સ્ટુડિયોના શ્રીગણેશ કર્યા !

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે બોહરા ઈન્ટરનેશનલ ફિલ્મ સ્ટુડિયો અને ફિલ્મનું મુહૂર્ત હોવાની ખબર પડતાં શર્માજી ત્યાં પહોંચી ગયા. સ્ટુડિયોના માલિક શ્રી રામકુમાર બોહરાને તેમના પુત્રો સાથે રાજસ્થાની હિન્દીમાં વાત કરતાં સાંભળીને શર્માજીનો ઉત્સાહ વધ્યો અને તેમણે શ્રી બોહરાને વિનંતી કરી કે હું પણ રાજસ્થાનનો છું, કલાકાર છું, મને કામ કરવાની તક આપો. તે સમયે બોમ્બેથી એક ફોટોગ્રાફર આવી શક્યા ન હોવાથી અને શર્માજીના સ્ટુડિયોના અનુભવ તથા આવડત હોવાના કારણે શર્માજીએ રામકુમારજીએ આપેલી આ તક ઝડપી લીધી અને માનો નસીબ આડેનું પાંદડું હટી ગયું...

૧૯૭૨થી ૭૫ દરમ્યાન રામકુમાર બોહરાની એક પછી એક ૧૫ ફિલ્મોમાં શર્માજીએ સફળતાપૂર્વક સ્ટીલ ફોટોગ્રાફર તરીકે કામ કર્યું. પરંતુ સેવેલા સપના હજી સાકાર થતા ન હતા. સ્વખ્નો પૂર્ણ કરવા હિતેનકુમાર, રઝા મુરાદ, શેહઝાદ ખાન વિ. સાથે અભિનય કર્યો છે.

શર્માજીએ ગુજરાતી અને હિન્દી સિરીયલોમાં પણ રોલ ભજવ્યા છે. જેમાં 'બાગબાન', 'સીતા ઔર ગીતા' વિ. મુખ્ય છે. હિન્દી ફિલ્મો - ટક્કર (સુનીલ શેટ્ટી), તેજા (સંજય દત્ત) - મળીને કુલ પાંચ હિન્દી ફિલ્મોમાં શર્માજીએ અભિનય આપેલ છે.

શૂન્યમાંથી સર્જન કરનારા શર્માજી મહેનતુ, ઉદાર, સેવાભાવી, કાર્ય પ્રત્યે ધગશ અને નિષ્ઠાવાન, નિખાલસ વ્યક્તિ છે. વીસથી વધુ ગુજરાતી ફિલ્મોમાં અભિનય અને બે ફિલ્મો - 'જનમ જનમનો સાથ' અને 'ભૂકંપ'નું દિગ્દર્શન પણ કર્યું છે. ૬૦ ફિલ્મોમાં સ્ટીલ ફોટોગ્રાફી અને બે ફિલ્મોમાં મુખ્ય કેમેરામેન તરીકે કામ કર્યું છે.

ધર્મપત્ની ચંદ્રકલાબેન અને ડાબા-જમણા રત્ન સમાન પુત્રો બિલ્લુ અને ગોપાલે શર્માજી સાથે ખભેખભા મિલાવીને ઘર-પરિવાર અને સ્ટુડિયોને લગતી દરેક જવાબદારી ઉપાડી લીધી છે. ૧૯૭૦માં સ્થપાયેલ શર્માજીનો સ્ટુડિયો આજે ચંદ્ર સ્ટુડિયો તરીકે ગુજરાતભરમાં સુવિખ્યાત છે. મહામહિમ રાજયપાલ શ્રી કમલાદેવી બેનીવાલના પર્સનલ ફોટોગ્રાફર તરીકે પસંદગી પામેલા શર્માજીએ ૧૦૦થી વધુ યુવાનોને ફોટોગ્રાફી ક્ષેત્રે આર્થિક સહાય આપી અને નિસ્વાર્થ ભાવે તૈયાર કર્યા છે. જેમાંના ઘણા ગાંધીનગર, ગુજરાત તેમજ ભારતભરમાં પોતાના સ્વતંત્ર સ્ટુડિયો ચલાવે છે અને શર્માજીને ગુરૂ માને છે, જેનો શર્માજીને આનંદ અને ગર્વ છે. શર્માજીએ ફિલ્મ શૂટીંગ માટેના કૅમેરા, વિવિધ ડ્રેસીસ તેમજ જરૂરી તમામ વસ્તુઓ વસાવી છે. પોતાના કામને ધંધો ન સમજતા શર્માજીએ પોતાના શોખ, નવું શીખવાની તમન્ના અને અથાગ મહેનતના કારણે ગુજરાતમાં અને ફિલ્મ જગતમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

શર્માજીની મહેચ્છા એક ફિલ્મનું નિર્માણ કરવાની છે. જેની કથા-પટકથા લખવાનું કાર્ય તેમણે પૂર્ણ કર્યું છે. બૉક્સ કૅમેરાથી ડિજીટલ કૅમેરા સુધીની સફરમાં શર્માજીએ જેટલા સ્વખ્ન જોયા તે સાચા અર્થમાં સાકાર થતા જણાયા છે. આ ક્ષેત્રે તેઓનો અથાગ પુરૂષાર્થ તો ચાલુ જ છે. સત્યનારાયણ શર્માજીને હજુ વધુ ને વધુ સફળતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છાઓ...

'સ્વખ્ન પણ કેવું બરાબર નીકળ્યું, આંખની સામે સરોવર નીકળ્યું..... શ્યામ સાધુ

પિતાની એક ગરિમા છે, એનું ગૌરવ જળવાવું જોઈએ

પ્રત્યેક બાળકના જન્મ સાથે એક પિતાનો પણ જન્મ થાય છે. પિતા બનવા માટે કોઈ ડિગ્રી મેળવવાની રહેતી નથી. કેટલાક સંબંધો ફકત સમાજ રચનાની રૂએ નીભાવવાના હોય છે, જ્યારે કેટલાક સંબંધો લાગણી સાથે બંધાયેલા હોય છે, જે આજીવન ટકતા હોય છે. કસોટીની પ્રત્યેક પળે તે મજબુત બને છે. આ સંબંધો એટલે પિતા-પુત્રના સંબંધો, ભાઈ-બહેનના સંબંધો, પતિ-પત્નીના સંબંધો, મા-દિકરાના સંબંધો, દરેક સંબંધોની એક મર્યાદા હોય છે તેની આગવી ગરિમા હોય છે. આ ગરિમા ન જળવાય એટલે સંબંધોમાં તિરાડ પડે છે.

શાસ્ત્રમાં કહેવાયું છે કે દિકરો ઉંમર લાયક થાય એટલે પિતાએ તેની સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ પણ સવાલ એ છે કે મિત્રો તો ઘણી જગ્યાએ કે ઘણા બધા મળી શકે પણ બાપ બીજો ક્યાં મળવાનો? મિત્ર અને બાપની ભૂમિકા બિલકુલ ભિન્ન છે. બાપ એ બાપ છે તે કદી દિકરાનો મિત્ર ન બની શકે. જીવનમાં બાપના જેટલું જ મહત્વ મિત્રનું પણ હોય છે, પણ એક બાળકનું ઘડતર કરે છે જ્યારે બીજો એના ઘડતરને ઘાટ આપે છે. ઘડતરમાં જ જો કચાશ રહી જાય તો એને અપાતો પ્રત્યેક ઘાટ ટકાઉ રહેતો નથી. દિકરો બાપની જાગીર બની શકે, જ્યારે મિત્ર એનો પડછાયો. પણ પડછાયો તો હંમેશા પ્રકાશના સમર્થક હોય છે. અંધકાર આવતાં જ પડછાયા અલોપ થઈ જાય છે. તેમ છતાં અંધકારમાં પડછાયો જોવો હોય તો માટીના કોડીયાનો ય પ્રકાશ તો કરવો જ પડે.

દિકરાની આંગળી પકડી પા પા પગલી ભરાવનાર કે જીંદગીની બારાખડી શિખવાડનાર પિતાનું સ્થાન મિત્ર કઈ રીતે લઈ શકે? મિત્રની ભૂમિકા તો સમજણ આવે પછી શરૂ થાય જ્યારે દિકરામાં સમજણ લાવવાનું કામ પિતાનું છે. માટે જ મારું સ્પષ્ટ માનવું છે કે બાપ અને દિકરા વચ્ચે એક અંતર અનિવાર્ય છે, પણ એ અંતર એટલું ન હોવું જોઈએ કે દિકરો પોતાની વાત કહેતાં સંકોચ અનુભવે અને એટલી મિત્રતા પણ ન રાખો કે તમારી વાતને તે હસી કાઢે. પરિવારમાં બાપની એક ગરિમા જળવાવી જોઈએ. એક મર્યાદા સચવાવી જોઈએ. એવા અસંખ્ય ઉદાહરણો છે કે જે બાપે દિકરા કે દિકરી સાથે મિત્રભાવ કેળવ્યો તેમના દિકરાઓના પરાક્રમથી બાપને શરમિંદા બનવું પડ્યું હોય, જેમ કે એક પ્રખ્યાત સિતારવાદ કે પોતાની

પુત્રી સાથે મિત્ર ભાવ કેળવ્યો અને પુત્રી કુંવારી માતા બની અને છતાં બાપે તેનું ગૌરવ લેવું પડયું.

એક રાજવી ઘરાનાના બાપે પુત્ર સાથે મિત્રતા કેળવી અને દિકરો ઈચ્છા થાય ત્યારે જીવનસાથી બદલતો ગયો. બાપની કે પરિવારની ગરિમા જળવાઈ નહીં. જ્યારે પૃથ્વીરાજ કપૂર મોટા ગજાના કલાકાર હતા. કલા તેમના પરિવારની જાગીર હતી છતાં તેમનો આદેશ હતો કે કપુર કુટુંબની કોઈ મહિલા ફિલ્મ જગતમાં ન જાય અને તેમના મૃત્યુ પર્યંત આ ગરિમા જળવાઈ. હરિવંશરાય બચ્ચન મોટા કવિ હતા પણ અમિતાભ એમનાથીય મોટી હસ્તી હતી. છતાં અમિતાભ અને હરિવંશરાય વચ્ચે એક અંતર હતું, મર્યાદાનુ... અમિતાભે હંમેશા પિતાનો આદર કર્યો હતો. બાપ કદાચ એની ગરિમા છોડી પુત્ર સાથે નિખાલસતાથી ચર્ચા કરી શકે, એને સલાહ સુચન આપી શકે, મુશ્કેલીમાં એની પડખે ઉભા રહી શકે, એને દિશા બતાવી શકે, પણ કેટલાક માર્ગે તેને એકલા જવા દેવો પડે. એની સાથે કદમ મીલાવી ન શકાય, બાપ મિત્ર બનવા પ્રયત્ન કરે તો પણ.. તે અમુક હદ સુધી જ... મિત્ર સાથે જીંદગીની સાવ ખાનગી વાતો થઈ શકે, એની સાથે બાર પાર્ટીમાં જઈ શકાય (મિત્રો સાથે ખાનગીમાં આવી પાર્ટીની મજા માણતા કોઈ દિકરાને પિતા રોકી શકતા નથી) કોઈવાર સીગારેટનો કસ ખેંચી શકાય, મિત્ર કોઈ ગર્લફ્રેન્ડ હોય તો તેની સાથે કરાતી હસી મજાક કે ટેન્શન મુક્ત થવા મિત્રો સાથે કરાતો વાર્તાલાપ બાપ સાથે ન થઈ શકે. મિત્રો સાથે વાંકુ પડતા અબોલા થઈ શકે, દોસ્તીને ઠોકર મારી શકાય પણ એક બાપ દિકરાને હડધૂત ન કરી શકે. એનામાં લાખ દુર્ગુણો હોવા છતાંય બાપ અને દિકરા વચ્ચેનું અંતર નામ શેષ થઈ જાય તો કયારેક ખોટા રસ્તે જવા દિકરાને મિત્રભાવે બાપ 'રૂક જાવ'નો આદેશ આપે તો તે કેવળ ઉપદેશ બની શકે, આદેશ નહિ. મિત્રની વાતની અવગણના થઈ શકે, બાપના આદેશને મને કમને ય સ્વીકારવો પડે. લોક લાજે પણ... દિકરા પર પ્રેશર લાવવાનું કામ બાપ કરી શકે મિત્ર નહી. એક વખત બાપની ગરિમા નંદવાય તો ગરિમા વગરના બાપને વૃદ્ધાશ્રમમાં જવાની તૈયારી રાખવી પડે. વર્તમાન જગતનું આ કડવું સત્ય છે.

હજુ કેટલાક પરીવારોમાં વડીલો અને દિકરાઓ વચ્ચે એક અંતર જળવાય છે. ઉંમરનું નહિ, પણ મર્યાદાનું. દિકરા પોતાની જીદ પર મક્કમ હોય પણ અંતિમ નિર્ણય વડીલોનો જ હોય એમનો અનાદર થઈ શકે નહી. આવા પરિવારોમાં સમસ્યાઓ ઓછી સર્જાય છે. કોઈ પિતા કદાચ મિત્ર ભાવે પુત્રની હા માં હા મિલાવતા હોય તો તેમાં તેમની મજબૂરી હોય છે અથવા લાચારી નહિ કે મિત્ર ભઆવ... બાપ અને દિકરા વચ્ચે મર્યાદાના બંધન તુટ્યા ત્યારથી સમસ્યાઓ વધતી ગઈ. બાપ મિત્ર બન્યા અને છત્રછાયા આપનાર પિતા ખોવાતા ગયા... બાપને બાપ જ રહેવા દો તેમને મિત્ર ન બનાવો...

- પોપટલાલ એસ પ્રજાપતિ